**પ્રશ્ન : મુખ્ય સેવિકાની ભરતી તથા નિમણુંક કઇ રીતે કરવામાં આવે છે (સંપુર્ણ વિગત) ?**

---

**જવાબ :**

સરકારશ્રી દ્વારા સીધી ભરતી તથા બઢતીથી મુખ્ય સેવિકાની ભરતી પંચાયત ગ્રામ ગ્રુહ નિર્માણ અને ગ્રામ વિકાસ,ગાંધીનગરના તા.૦૧/૦૧/૨૦૧૪થી ભરતી નિયમો નક્કી કરવામાં આવેલ છે.

૧) સીધી ભરતી–

સીધી ભરતી પ્રકિયા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા મારફતે મેરીટના ધોરણે ભરતી થાય છે.તેની શૈક્ષણિક લાયકાત બેચરલ કે માસ્ટર ડિગ્રી ઈન હોમ સાયન્સ સોસ્યોલોજી કે ચાઇડ ડેવલપમેન્ટ કે સોસ્યલ વર્ક છે.અને વયમર્યાદા ૧૮ થી ૩૭થી વધુ નહી તે નક્કી થયેલ છે.હિન્દી તથા ગુજરાતી ભાષાની જાણકારી તથા કોમ્પ્યુટર બેઝિક નોલેજનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.આ ભરતી પ્રક્રિયામાં જિલ્લા પાસેથી ખાલી રહેલ જગ્યાઓની માહિતી મેળવી માંગણા પત્રક તૈયાર સરકાર કક્ષાએ મોકલીને પંચાયત વિભાગ દ્વારા સ્થાયી સમિતિ પાસેથી મંજુરી મેળવીને પંચાયત વિભાગ દ્વારા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ બોર્ડ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે.તદ અનુસાર ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પરીક્ષાના પરીણામના આધારે ઉમેદવારોની પસંદગીના આધારે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવે છે.

૨)નામનિયુક્તિથી

આંગણવાડી કાર્યકરને ૧૦ વર્ષનો આંગણવાડી કાર્યકર તરીકે અનુભવ હોય તેને નામનિયુક્તિથી થી મુખ્ય સેવિકાની નિમણુંક આપવામાં આવે છે.શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ કે ધોરણ –૧૨ પાસ છે.૧૦ વર્ષનો આંગણવાડી કાર્યકર તરીકે અનુભવ તથા વર્ય મર્યાદા ૪૫ થી વધુ ન હોવી જોઇએ તથા હિન્દી તથા ગુજરાતી ભાષાની જાણકારી તથા કોમ્પ્યુટર બેઝિક નોલેજનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**પ્રશ્ન : છેલ્લા ૫ વર્ષ માં મુખ્ય સેવિકા વર્ગ–૩ સંવર્ગમાં સીધી ભરતી અને બઢતીથી કુલ કેટલા કર્મચારી નિમણૂક આપવામાં આવેલ છે ?**

---

**જવાબ :**

છેલ્લા ૫ વર્ષમાં સિધિ ભરતીથી ૨૩ અને નામનિયુક્તિથી ૭ એમ કુલ ૩૦ જગ્યાઓ પર ભરૂચ જિલ્લામા મુખ્ય સેવિકાની નિમણુક આપવામાં આવેલ છે.

રાજ્યમા વર્ષ ૨૦૧૬–૧૭ મા ૫૫ જગ્યાઓ,વર્ષ ૨૦૧૮–૧૯ મા ૫૨૧ જગ્યાઓ તથા વર્ષ ૨૦૨૨–૨૩ મા ૨૨૫ જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણુક આપવામા આવેલ છે.

**પ્રશ્ન : મુખ્ય સેવિકા ની જગ્યા ભરાયેલ હોય તો લોકોને શું લાભ થાય છે?**

---

જવાબ :

અપૂરતા પોષણથી પીડાતા અને માંદા બાળકોની સમયસર ઓળખ થવાથી તેમજ બાળકોની સાચી ઉંમર જાણકારી સમયસર મળી રહે છે.જેથી સામાન્ય રોગો માટે દવા આપવામાં અને જોખમી બાળકોને ઓળખીને આરોગ્ય કેન્દ્ર પર લઈ જવા માટે મદદરૂપ થાય છે.સગર્ભા અને ધાત્રી માતાઓને પુરક પોષણ તેમજ તેની સાચી સમજ મુખ્ય સેવિકા દ્વારા મળે છે.

**પ્રશ્ન : ભરૂચ જીલ્લામાં તાલુકા વાર કર્મચારીની જગ્યા ક્યારે અને કઇ રીતે ભરવામાં આવી ?**

---

કુલ– ૫૮ જગ્યાઓ છે જે ૫૭ ભરેલી છે.

| **જિલ્લાનુ નામ** | **તાલુકાનું નામ** | **મંજુર જગ્યાઓ** | **ભરેલ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|---|
| ભરૂચ | આમોદ | ૩ | ૩ | ૦ |
| | અંકલેશ્વર | ૭ | ૭ | ૦ |
| | ભરૂચ | ૧૧ | ૧૧ | ૦ |
| | હાંસોટ | ૨ | ૨ | ૦ |
| | જંબુસર | ૧૦ | ૯ | ૧ |
| | ઝગડીયા | ૯ | ૯ | ૦ |
| | નેત્રંગ | ૫ | ૫ | ૦ |
| | વાગરા | ૩ | ૩ | ૦ |
| | વાલીયા | ૫ | ૫ | ૦ |
| | જિ.પં ભરૂચ (પ્રો. આસી.) | ૩ | ૩ | ૦ |
| | કુલ | ૫૮ | ૫૭ | ૧ |

**ખાલી જગ્યાની વિગત (તા–૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ)**

| ક્રમ | તાલુકાનુ નામ | સેજાનુ નામ | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | જંબુસર | કાવી | ૩૦/૦૯/૨૦૨૨ |

હાલમાં ભરૂચ જિલ્લા પંચાયતમાં ૨ જગ્યા ખાલી રહેલ છે. જેમાં (૧) તાલુકો–જંબુસર, સેજો–કાવી અને તા–૩૦/૦૯/૨૦૨૨થી ખાલી છે. (૨) જિલ્લાફેર બદલીથી તાલુકો–ઝગડીયા, સેજો–જેસપોર–૨ તા–૦૨/૦૯/૨૦૨૩થી ખાલી છે.

ઉક્ત ખાલી જગ્યા આગામી સમયમાં સીધી ભરતીથી બઢતીના આયોજન થકી ભરવામાં આવશે.

## પ્રશ્ન : મુખ્ય સેવિકા , વર્ગ–૩ની ફીડર કેડર કઇ–કઇ છે?

જવાબ : મુખ્ય સેવિકાની ભરતી પ્રક્રિયામાં સીધી ભરતી થી તથા નામનિયુક્તિથી થાય છે. જેનો ૧:૧ રેશિયો છે. ઉચ્ચત્તર પગાર ધોરણ વિગત નિચે મુજબ છે.

| સંવર્ગ | પગાર ધોરણ | પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ | દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ | તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ |
|---|---|---|---|---|
| મુખ્ય સેવિકા (સીધી ભરતી) | ૨૯૨૦૦-૯૨૩૦૦ (લેવલ-૫) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ (લેવલ -૬) | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ (લેવલ-૭) | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ (લેવલ-૮) |

| સંવર્ગ | પગાર ધોરણ | પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ | દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ | તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ |
|---|---|---|---|---|
| મુખ્ય સેવિકા (બઢતી) | માનદ વેતન | ૨૯૨૦૦-૯૨૩૦૦ (લેવલ-૫) | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ (લેવલ -૬) | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ (લેવલ-૭) |

**પ્રશ્ન : મુખ્ય સેવિકા ની બઢતી માટે ખાતાકીય પરીક્ષા કોણ કોણ આપી શકે છે? તેની બીજી શી શી જોગવાઈ છે?**

---

**જવાબ :**

મુખ્ય સેવિકાને બઢતી માટે ખાતાકીય પરીક્ષા  આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ,ગાંધીનગરના જાહેરનામા તા.૧૪/૦૧/૧૯૯૩થી નિયત કરવામાં આવેલ છે. તેને  પરીક્ષા પાસ થયેથી વર્ગ –૨માં બાળ વિકાસ યોજના અધિકારી તરીકે બઢતી આપવામાં આવે છે.

**પ્રશ્ન : મુખ્ય સેવિકા ના ભરતી નિયમોમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલી વાર સુધારા કરવામાં આવ્યા છે? કયા–કયા?**

---

**જવાબ :**

પંચાયત અને ગ્રામ અને ગ્રુહ નિર્માણના તા.૦૧/૦૧/૨૦૧૪ના જાહેનામાથી મુખ્ય સેવિકા વર્ગ –૩ ઉપલા વર્ગની પંચાયત સેવાઓ , નિમણુંક નિયમો , ૨૦૧૩ અસ્તિત્વમાં આવ્યા

૧)પંચાયત અને ગ્રામ અને ગ્રુહ નિર્માણના તા.૦૨/૦૧/૨૦૧૬ના જાહેનામાથી સીધી ભરતી નિમણુંક પામનારની વયમર્યાદા ૩૦ વર્ષથી ૩૫ વર્ષ કરવામાં આવી.

૨)પંચાયત અને ગ્રામ અને ગ્રુહ નિર્માણના તા.૨૭/૧૨/૨૦૨૧ના જાહેનામાથી વય મર્યાદા ૩૫ થી ૩૭ કરવામાં આવી.

ઉક્ત જાહેરનામાઓથી શૈક્ષણિક લાયકાત બેચરલ ડિગ્રી ઈન હોમ સાયન્સ સોસ્યોલોજી કે ચાઈડ ડેવલપમેન્ટ કે સોસ્યલ વર્ક નક્કી કરવામાં આવી.

૩)પંચાયત અને ગ્રામ અને ગ્રુહ નિર્માણના તા.૨૧/૦૩/૨૦૨૨ના જાહેનામાથી શૈક્ષણિક લાયકાત બેચરલ કે માસ્ટર ડિગ્રી ઈન હોમ સાયન્સ સોસ્યોલોજી કે ચાઈડ ડેવલપમેન્ટ કે સોસ્યલ વર્ક નક્કી કરવામાં આવી.

## પ્રશ્ન : મુખ્ય સેવિકા ની કામગીરી શું છે ?

**જવાબ :**

કુપોષિત બાળકોની ઓળખ કરીને ગૃહ મુલાકાત કરવામાં આવે છે અને વધુ નબળા બાળકોને CMTC/NRC ખાતે રીફર કરવામાં આવે છે. આરોગ્ય શાખા સાથે સંકલનમાં રહીને જોખમી માતાઓની ઓળખ કરીને તેમને સંપૂર્ણ આહાર વિષે અને આઈ.સી.ડી.એસ. તરફથી આપવામાં આવતા પુરક આહાર વિષે સમજ આપવામાં આવે છે.કિશોરીને આઈ.એફ. એ.ગોળીનું સેવન સમયસર કરવામાં આવે.તેમજ ભવિષ્યમાં કિશોરી અનેમિક ના બને તે અંગે કિશોરીની અને પૂર્ણા દિવસની ઉજવણી દરેક આંગણવાડી કેન્દ્ર પર કરવામાં આવે છે.

**પ્રશ્ન – ભરૂચ જીલ્લાના મુખ્ય સેવિકાની હાજરી તેમજ કામગીરી બાબતે.તથા અન્ય ફરીયાદોની વિગતો અને તે સંદર્ભે થયેલ કાર્યવાહીની વિગતો.**

જવાબ- મુખ્ય સેવિકાની હાજરી તથા કામગીરી બાબતે કોઇ ફરીયાદ ભરૂચ જીલ્લામાં મળેલ નથી.

**પ્રશ્ન – ભરૂચ જીલ્લાના મુખ્ય સેવિકા સામે તપાસના પ્રકરણની કાર્યવાહી ચાલુ હોય તો તેની વિગતો.**

જવાબ – મુખ્ય સેવિકાના ભરૂચ જીલ્લામાં તપાસના પ્રકરણની કોઇ કાર્યવાહી ચાલુ નથી.